દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૭ જુલાઈ, ૨૦૨૬

# POKમાં પાકિસ્તાન સરકાર સામે કેમ આટલો ઉગ્ર લોક રોષ છે?

પાકિસ્તાન-કબજામાં આવેલા કાશ્મીર (PoK)માં 40 દિવસથી વધુ સમયથી એક વિશાળ વિરોધ આંદોલન ચાલી રહ્યું છે, જેના કારણે બજારો બંધ થઈ ગયા છે, સરકારની કામગીરીમાં વિક્ષેપ આવ્યો છે અને હજારો લોકો રસ્તાઓ પર ઉતર્યા છે. આ અસંતોષના કેન્દ્રમાં 38 મુદ્દાઓની માંગણીઓનો ચાર્ટર છે, જેને અંગે દેખાવકારો કહે છે કે આ આંદોલન સમાપ્ત થવા પહેલા આ માંગણીઓ પૂરી થવી જ જોઈએ. જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC), જે આ વિરોધનું નેતૃત્વ કરી રહી છે, એ કહ્યું છે કે આ આંદોલન તેની 38 માંગણીઓ સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે.

ત્યાંના લોકોની મુખ્ય માંગણીઓમાં ખાસ કરીને 38 મુદ્દાઓનો સમાવેશ થાય છે, જેમાં મુખ્ય માંગણીઓ આ પ્રમાણે છે: પાકિસ્તાન-કબજામાં કાશ્મીરી શરણાર્થીઓ માટે આરક્ષણ કરાયેલા 12 વિધાનસભા સીટોનું સમાપન. આ એક મોટો મુદ્દો છે. આ અનામતને સ્થાનિક લોકો અન્યાય માને છે. આ ઉપરાંત સરકારના અધિકારીઓ માટે વિશેષ ભથ્થા અને વિશેષાધિકારોનુ સમાપન. અન્ય અનેક સામાજિક, રાજકીય અને આર્થિક સુધારાઓની માંગ પણ થઈ રહી છે. આ 38 મુદ્દાઓની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે અને આ માંગણીઓ સ્વીકારવામાં આવવી જરૂરી છે. સરકારની પ્રતિક્રિયા મુજબ, પ્રદર્શનકારીઓની 38 મુદ્દાઓની માંગણીઓમાંથી કેટલાક મુદ્દાઓ પર સરકાર સાથે ચર્ચા થઈ છે અને કેટલીક માંગણીઓ સ્વીકારવામાં આવી છે. ખાસ કરીને, 25 મુદ્દાઓ પર સરકાર અને વિરોધકારીઓ વચ્ચે એક કરાર પર પહોંચવામાં આવ્યો છે. આ કરારમાં હિંસામાં મૃત્યુ પામેલા લોકો માટે વળતર, આતંકવાદ સંબંધિત કેસોની નોંધણી અને અન્ય કેટલાક માગણીઓનો સમાવેશ થાય છે. પરંતુ, આંદોલન સંપૂર્ણ રીતે સમાપ્ત થવા માટે બાકી મુદ્દાઓ પર હજુ ચર્ચા ચાલુ છે અને સરકાર આ મુદ્દાઓને લઈને પ્રતિક્રિયા આપી રહી છે. પરંતુ તેનું વલણ આંદોલનકારીઓ માટે સહાનુભૂતિપૂર્ણ લાગતું નથી. વિરોધીઓનો ચાર્ટર અનેક મુદ્દાઓને સ્પર્શે છે, પરંતુ વીજળી આ આંદોલનની સૌથી મોટી માંગ તરીકે ઊભરી છે. સૌથી મોટી માંગ વીજળી સાથે સંબંધિત છે. વિરોધીઓ માંગ કરે છે કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન થતી વીજળી સ્થાનિક રહેવાસીઓને ઉત્પાદન ખર્ચે પૂરી પાડવામાં આવે. તેઓએ મંગલા ડેમ જેવા પ્રોજેક્ટ્સમાંથી મળતી રોયલ્ટી સીધા આ વિસ્તારમાં ટ્રાન્સફર કરવાની પણ માંગ કરી છે. વીજળીના બિલોમાં વધારાના કરો, ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ અને અન્ય વધારાના શુલ્કો દૂર કરવામાં આવવા જોઈએ અને અનિયંત્રિત વીજળી કટોકટી બંધ થવી જોઈએ તેવી પણ માંગ છે. મોંઘવારી વધતી જતી સમસ્યા બની છે. આ 38 મુદ્દાઓની માંગણીઓમાં ઘઉંના લોટના ભાવ ગિલગિટ-બાલ્ટિસ્તાન જેટલા લાવવાની, સરકાર તરફથી ખાંડ, રસોઈ તેલ અને અન્ય આવશ્યક વસ્તુઓ પર સબસિડી આપવાની અને ખેડૂતો માટે સબસિડીવાળા ખાતર અને બીજ માટે વિશેષ સહાયતા આપવાની પણ માંગ છે. આ રીતે, PoK ના વિરોધકારીઓની આંદોલન પાછળ વીજળી, ભાવવૃદ્ધિ અને રાજકારણ સહિત અનેક મુદ્દાઓ છે, અને તેઓ આ માંગણીઓ સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે. મંગળા ડેમ પાકિસ્તાનના કથિત આઝાદ કાશ્મીરના મીરપુર જિલ્લામાં ઝેલમ નદી પર આવેલો એક વિશાળ બહુહેતુક બંધ છે. તે વિશ્વનો સાતમો સૌથી મોટો ડેમ છે. ૧૯૬૦ની સિંધુ જળ સંધિના ભાગરૂપે ૧૯૬૭માં પૂર્ણ થયેલો આ ડેમ પાણીનો સંગ્રહ, સિંચાઈ અને હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર ઉત્પન્ન કરવા માટેનો મહત્વનો પ્રોજેક્ટ છે. આ બંધ એક મોટો મુદ્દો બની ગયો છે. જીએસીએસીએ પીઓકે વિધાનસભામાં 12 આરક્ષિત બેઠકોને રદ કરવાની માંગ કરી છે, જેને ઘણા સ્થાનિકો ઇસ્લામાબાદ દ્વારા રાજકીય હસ્તક્ષેપ તરીકે જુએ છે. આ સંસ્થાએ સ્થાનિક સંસ્થાઓ માટે વધુ આર્થિક અને પ્રશાસનિક શક્તિઓની માંગ કરી છે, પ્રદેશીય સંસ્થાઓની સ્વતંત્રતાની ગેરંટી અને શક્તિ વિતરણને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે સંવિધાનિક સુધારાઓની પણ માંગ કરી છે.

ચાર્ટરમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ છે, જેમાં મંત્રીઓની સંખ્યા મર્યાદિત કરવી, સરકારી અધિકારીઓ માટે લક્ઝરી લાભો બંધ કરવાં અને છેલ્લા 10 વર્ષના સરકારી ખર્ચનું સ્વતંત્ર ઓડિટ કરાવવું શામેલ છે. વિરોધીઓએ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે મોટા સુધારાઓની પણ માંગ કરી છે. આના અન્ય માગણીઓમાં, JAACએ વિરોધકારીઓ વિરુદ્ધ દાખલ થયેલ આતંકવાદના કેસો પાછા ખેંચવા, ધરપકડ કરાયેલા કાર્યકરોની મુક્તિ, પોલીસ કાર્યવાહી અંગે ન્યાયિક તપાસ, વધુ સારી રસ્તાઓ, સતત ઈન્ટરનેટ કનેક્ટિવિટી, સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું, રોજગારમાં સ્થાનિક રહેવાસીઓ માટે પ્રાથમિકતા અને PoKમાં પર્યટન આવકનો મોટો હિસ્સો ખર્ચ કરવામાં આવવો સુનિશ્ચિત કરવો માંગ્યો છે. પ્રદર્શનકારીઓના અનુસાર, JAAC અને પાકિસ્તાની સરકાર વચ્ચે ૩૮-બિંદુઓના ચાર્ટર અંગે અનેક રાઉન્ડની ચર્ચાઓ થઈ છે, પરંતુ અત્યાર સુધી કોઈ પણ મુખ્ય મુદ્દે કોઈ સમજૂતી થઈ નથી. પાકિસ્તાન સરકારને કાશ્મીર જોઇએ છે પણ કથિત આઝાદ કાશ્મીરના લોકો ગમતાં નથી એમ જણાઇ આવે છે.તેના પરિણામે, રાવલકોટ, મુઝફ્ફરાબાદ અને આસપાસના વિસ્તારોમાં પ્રદર્શન ચાલુ છે, જે પાકિસ્તાની સરકાર પર પ્રદર્શનકારીઓની માંગણીઓ પર ધ્યાન આપવાનું દબાણ વધારી રહ્યું છે. ડઝનબંધ લોકો માયા ગયા છે પણ સરકાર અક્કડ રહી છે, પરંતુ જો આવું લાંબું ચાલશે તો આ કહેવાતા આઝાદ કાશ્મીરથી તેણે હાથ ધોવા પડશે.

## મગજ પર કાબૂ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ઝેન માસ્ટર પાસે તેમનો એક જુનો શિષ્ય આવ્યો અને કહ્યું, ''માસ્ટર મને તમારું શીખવેલું બધું યાદ છે પણ એક તકલીફ છે...'' માસ્ટરે કહ્યું, ''શું તકલીફ છે?''

શિષ્ય બોલ્યો, ''માસ્ટર, ઘણી વાર મારો મગજ પર કાબૂ રહેતો નથી.હું હદની બહાર ગુસ્સે થઇ જાઉં છું અને કંઈ પણ વર્તન કરી બેસું છું.મારી વિનંતિ છે કે મને તમે મદદ કરો અને હું મારા મગજ પર કાબૂ કઈ રીતે રાખું તે મને શીખવો. મને કોઈ રસ્તો બતાવો કે હું આ હદની બહાર મગજ ગુમાવવાની તકલીફને દૂર કરી શકું.'' માસ્ટરે થોડી વાર સુધી કંઈ જવાબ ના આપ્યો. પેલા શિષ્યને થયું કંઈ અઘરું ધ્યાન કે રીતભાતમાં શિસ્ત વિષે વિચારીને મને જણાવશે એટલે તે ચુપચાપ ત્યાં બેસી રહ્યો.

ઘણી વાર સુધી માસ્ટરે કંઈ જવાબ ન આપ્યો, પેલા શિષ્યને મનમાં ગુસ્સો આવ્યો કે કંઇક તો જવાબ આપો પણ ગુરુ પર ગુસ્સો થોડો કરાય એટલે તે ચુપચાપ બેસી રહ્યો.હજી સમય વીત્યો તેણે મગજ પર બહુ કાબૂ રાખ્યો અને અવાજમાં ગુસ્સો દેખાય નહિ તે રીતે પૂછ્યું, ''માસ્ટર કૈંક તો કહો, કેમ કંઈ જવાબ આપતા નથી?''

ઝેનગુરુ બોલ્યા, ''હું રાહ જોઉં છું.'' શિષ્યે પૂછ્યું, ''શેની રાહ જુઓ છો?'' ઝેનગુરુએ કહ્યું, ''તારા મગજ ગુમાવવાની ...' શિષ્ય જવાબ સાંભળી અવાચક થઈ ગયો. ઝેનગુરુએ કહ્યું, ''મને નવાઈ લાગે છે કે મારી પાસે તાલીમ લીધા બાદ પણ તારો મગજ પર કાબૂ નથી! એટલે માર તારું મગજ જાય ત્યારે તું કેવું વર્તન કરે છે તે જોવું છે.ચલ, મને એવું વર્તન કરીને દેખાડ.''

શિષ્ય બોલ્યો, ''ગુરુજી હમણાં,તમારી સામે ??!!''

ઝેનગુરુ બોલ્યા, ''હા હમણાં જ દેખાડ...''

શિષ્યે કહ્યું, ''ગુરુજી, એમ કેવી રીતે દેખાડું એ તો અચાનક કૈંક થાય અને મને ગુસ્સો આવે ત્યારે મગજ કાબૂમાં ન રહે.'' ઝેનગુરુ બોલ્યા, ''અચ્છા, તો તો તે તારા મૂળ સ્વભાવનો ભાગ ન કહેવાય અને જે તારો મૂળ સ્વભાવ નથી તો તને તે દેખાડવામાં કેમ તકલીફ પડે છે?? અને જે રીતભાત, વર્તન તારા સ્વભાવનો ભાગ નથી તેને તું તારા પર હાવી શું કામ થવા દે છે... અને તું શું કામ તેના પર ધ્યાન આપે છે?''

આટલું કહીને ઝેનગુરુ તો ઊભા થઈને કોઈ માર્ગ દેખાડ્યા વિના પોતાની કુટિરમાં ચા લ્યા ગયા.

પણ ઝેનગુરુના આ શબ્દો શિષ્યને જયારે જયારે ગુસ્સો આવતો ત્યારે યાદ આવતા કે ''આ તારો મૂળ સ્વભાવ નથી ...અને તેને શું કામ તું તારા પર હાવી થવા દે છે'' અને તેનો વધતો ગુસ્સો ઓછો થવા લાગતો.

# માતૃત્વનું મહિમામંડન: સ્ત્રીના શ્રમનું રાજકીય અર્થશાસ્ત્ર

કહેવાની વાત

નેહા શાહ

**બાળ ઉછેર કે ઘરકામને સહિયારી જવાબદારી તરીકે સ્વીકારવા માટે હજુ આપણો સમાજ તૈયાર નથી**

પરંપરાગત રીતે એવી માન્યતા રહી છે કે સ્ત્રીઓ સ્વભાવથી જ વધુ સંવેદનશીલ હોય છે, એટલે કુટુંબની સંભાળ રાખવાની ભાવના તેમને કુદરતી રીતે મળી છે. માતૃત્વ જાણે દરેક સ્ત્રીમાં જન્મજાત હોય અને બાળકનો ઉછેર તથા ઘર સંભાળવું એ તેની કુદરતી ફરજ હોય. આ ધારણા આજે પણ મજબૂત છે. પરંતુ શું બધી સ્ત્રીઓ એકસરખી હોઈ શકે? દરેક સ્ત્રીનાં સપનાં, ક્ષમતાઓ અને જીવન વિશેની પસંદગીઓ એકસરખી હોઈ શકે? છતાં સામાજિક માન્યતા લગભગ દરેક સ્ત્રી પર બાળક અને કુટુંબીજનોની સંભાળ રાખવાની જવાબદારી મૂકી દે છે અને એ જ તેની જિંદગીનું મુખ્ય ધ્યેય હોવાનું બતાવી તેના સપનાઓને એક માળખામાં પહેલેથી જ બાંધી આપે છે. જ્યારે પુરુષોને બાળકોના ઉછેરની સમાન જવાબદારીમાંથી સહેલાઈથી મુક્તિ આપી દેવામાં આવે છે.

આ જ અભિગમ આનંદીબેન પટેલે છત્રપતિ સાહુજી મહારાજ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે કરેલા સંબોધનમાં પણ દેખાયો. સ્નાતક થયેલી દીકરીઓને 'IAS અધિકારી કે શિક્ષક બનતા પહેલાં એક નિષ્ણાત માતા બનો.' કે 'સાસરે જતા પહેલાં રસોઈ બનાવતા શીખીને જાઓ તો સાસુ મોઢું નહીં બગાડે...' જેવી સલાહ આપીને તેમણે કહી દીધું કે છોકરીઓ ગમે તે કારકિર્દી અપનાવે, તેમની પ્રાથમિકતા તો ઘર, રસોઈ અને બાળકો જ હોવા જોઈએ. સ્ત્રીઓ જૈવિક રીતે લાગણીપ્રધાન હોવાની ધારણાને નારીવાદી વિચારકોએ દાયકાઓથી પડકારી છે. જાણીતી ફ્રેન્ચ તત્ત્વચિંતક સિમોન દ બોવોઆરે લખ્યું હતું: 'સ્ત્રી તરીકે કોઈ જન્મતું નથી; સમાજ તેને સ્ત્રી બનાવે છે.' એટલે કે, સ્ત્રીનું શરીર કેવી રીતે કામ કરે તે જીવવિજ્ઞાન નક્કી કરે, પરંતુ સ્ત્રીની ભૂમિકા સમાજ, સંસ્કૃતિ અને ઉછેર દ્વારા ઘડાય છે. સાદું ઉદાહરણ લઈએ– બાળકને દુ:ખ લાગે તો રડવું સ્વાભાવિક છે. પરંતુ છોકરો હોય તો તેને ટોકવામાં આવે કે, 'કેમ છોકરીની માફક રડે છે?' જ્યારે છોકરીને રડવું તેના સ્ત્રીત્વની નિશાની ગણાય છે. આમ, ભાવનાઓને વ્યક્ત કરવાની રીત ઘણાં અંશે સામાજિક માન્યતાઓ દ્વારા ઘડાય છે. ૧૯૭૦ના દાયકામાં 'સેક્સ' (જૈવિક તફાવત) અને 'જેન્ડર' (સમાજ દ્વારા ઘડાયેલી ભૂમિકાઓ) વચ્ચેનો સ્પષ્ટ ભેદ ખૂબ ચર્ચાયો. આ વિચાર આધુનિક લૈંગિક અભ્યાસનો પાયો બન્યો. મહિલા શિક્ષણમાં થયેલી પ્રગતિ પણ તેનું પરિણામ છે. છતાં પરંપરાગત માન્યતાઓ આજે પણ મજબૂત છે. હજુ પણ ઘણા લોકો માને છે કે જો સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે, કારકિર્દી બનાવે અને પરંપરાગત ભૂમિકાઓને પડકારે, તો બાળકોના ઉછેરનું શું? ઘરકામની જવાબદારીનું શું? આ જવાબદારીઓ ખૂબ અગત્યની છે, પરંતુ શારીરિક, માનસિક અને ભાવનાત્મક રીતે થકવનારી પણ છે. ખાસ કરીને જ્યારે તેનો ભાર કુટુંબની એક વ્યક્તિ પર હોય અને તેને તેની સ્વાભાવિક ફરજ માની લેવામાં આવી હોય. બાળ ઉછેર કે ઘરકામને સહિયારી જવાબદારી તરીકે સ્વીકારવા માટે હજુ આપણો સમાજ તૈયાર નથી. એટલા માટે જ માતૃત્વને વારંવાર સ્ત્રીનું સર્વોચ્ચ ધ્યેય તરીકે રજૂ કરવામાં આવે છે અને તેના ગુણગાન પણ ગવાય છે. પરિણામે, કુટુંબની સંભાળ રાખવાનો અદૃશ્ય ભાર સ્ત્રીઓના ખભા પર જ રહે છે. સ્ત્રીના જીવનની સફળતાના માપદંડમાં 'સફળ માતૃત્વ'ના અંક ટોચ પર આવે છે, જ્યારે પુરુષોની સફળતા ક્યારેય તેમના પિતૃત્વની કસોટી પર માપવામાં આવતી નથી. આ માત્ર સાંસ્કૃતિક પરંપરાનો પ્રશ્ન નથી;

આ લિંગ આધારિત રાજકીય અર્થવ્યવસ્થાનો પ્રશ્ન છે. દરેક અર્થતંત્ર બે પ્રકારના શ્રમ પર આધારિત છે. એક છે સવેતન શ્રમ, જેના કામની ગણતરી જીડીપીમાં થાય છે. બીજું છે અવેતન શ્રમ. આ કામ સમગ્ર અર્થતંત્રનો આધારસ્તંભ હોવા છતાં તેનું કોઈ આર્થિક મૂલ્ય આંકવામાં આવતું નથી અને તેને યોગ્ય સામાજિક માન્યતા પણ મળતી નથી. વિશ્વભરમાં સ્ત્રીઓ પુરુષો કરતાં ઘણો વધારે સમય અવેતન કામ માટે ફાળવે છે. પરિણામે તેમની પાસે રોજગાર, કૌશલ્ય વિકાસ, ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાયિક પ્રગતિ માટે ઓછો સમય રહે છે. ઘણાં આંતરરાષ્ટ્રીય અભ્યાસો દર્શાવે છે કે જો અવેતન કામની જવાબદારી સ્ત્રી અને પુરુષ સમાન રીતે વહેંચે, તો વૈશ્વિક જીડીપીમાં અંદાજે ચાર ટકાનો વધારો થઈ શકે. એટલે કે, સ્ત્રીઓને ઘર સુધી મર્યાદિત રાખવું માત્ર અન્યાય નથી, પરંતુ આર્થિક રીતે પણ નુકસાનકારક છે.

બાળકોનો ઉછેર ખૂબ મહત્વનું કામ છે. જો દંપતી બાળકને જન્મ આપવાનો નિર્ણય કરે, તો તેના ઉછેરની જવાબદારી પણ પરસ્પર આદર-સન્માન સાથે સહિયારી હોવી જોઈએ. બાળકની ભાવનાત્મક તંદુરસ્તી માટે પણ એ જરૂરી છે. સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે માતૃત્વને સ્ત્રીની એકમાત્ર અને સૌથી મહત્વની ઓળખ બનાવી દેવામાં આવે.

આશા રાખીએ કે આગામી દીક્ષાંત સમારંભમાં વિદ્યાર્થીઓને એવો સંદેશ આપવામાં આવે કે દેશને માત્ર સારા અધિકારીઓ કે સારા વ્યાવસાયિકોની જ નહીં, પરંતુ એવા નાગરિકોની પણ જરૂર છે, જે કાર્યસ્થળ પર પણ સમાનતા લાવે અને ઘરમાં પણ. દેશ સાચા અર્થમાં ત્યારે જ પ્રગતિ કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભાષાના મુદ્દાને સમજણપૂર્વક હલ કરવો જોઈએ

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**વ્યક્તિને વધુ ભાષાઓ આવડતી હોય તે સારી વાત છે અને ત્રણ-ચાર ભાષા જાણનાર વ્યક્તિને અનેક ક્ષેત્રોમાં લાભ પણ થઈ શકે, પરંતુ પ્રશ્ન એ છે કે સરકારે ફરજિયાતપણે કેટલી ભાષા શીખવાડવી જોઈએ?**

કોઈ પણ સામાજિક નિસ્બતવાળા અને સમજણપૂર્વક વિચાર-વિમર્શ કરવો પડે તેવા મુદ્દાને ગૂંચવી નાખવો જાણે આપણી રાષ્ટ્રીય રમત બની ગઈ હોય એવું લાગે છે. નવા યુગના પ્રસારમાધ્યમો આમાં વધારો કરે છે અને સત્તાપક્ષ તરીકે ભાજપ પાસે હવે આવા મુદ્દાને કુનેહપૂર્વક પ્રજા સમક્ષ મૂકી શકે એવા નેતાઓ નથી. દિવસેને દિવસે એ વાત સ્પષ્ટ થતી જાય છે કે ભાજપ પાસે કોઈ પણ ચૂંટણી જીતવાની જડબેસલાક વ્યૂહરચના છે, મુત્સદ્દીગીરી છે, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક મુદ્દાઓ પર સ્પષ્ટ માર્ગદર્શન આપી શકે એવા વિચારશીલ નેતાઓ નથી અને સ્પષ્ટ વિચારસરણી પણ નથી.

એટલે જ લગ્નના કાયદા, સમલૈંગિક અધિકારો, શિક્ષણ નીતિ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો તફાવત, પરંપરાઓની જાળવણી અને ધર્મના ધંધા વચ્ચેનો ભેદ જેવા મુદ્દાઓમાં તે ગૂંચવાઈ જાય છે. આવા સમયે મૂળ ભાજપના નેતાઓ બાજુમાં રહી જાય છે અને બીજી-ત્રીજી કક્ષાના લોકો મોરચો સંભાળી લે છે. વહીવટને કાબૂમાં રાખતા સરકારી બાબુઓ પણ આવા સમયે સલામત રીતે દૂર ખસી જાય છે. પરિણામે અખબારો, ચેનલો કે વિદ્વાન વર્ગમાં ક્યાંય મુદ્દાસર ચર્ચા થતી નથી.

મૂળ મુદ્દો શિક્ષણ નીતિમાં ત્રણ ભાષા લાદવાનો છે. ખાસ કરીને બિન-હિન્દી ભાષી રાજ્યોમાં માતૃભાષા અને અંગ્રેજી સાથે હવે હિન્દી પણ ભણવાની વાત છે, એટલે કે હિન્દી ફરજિયાત બનાવવાની વાત છે. દુનિયાભરમાં શિક્ષણ ક્ષેત્રે 'દ્વિ-ભાષા' પદ્ધતિને વધુ સ્વીકાર મળી રહ્યો છે. આ કોલમમાં અગાઉ પણ લખ્યું હતું કે 'મધર ટંગ અને અધર ટંગ' - એમ બે ભાષાનું મોડેલ જ શિક્ષણ માટે વધુ યોગ્ય છે. માતૃભાષા સિવાય બીજી કઈ ભાષા બાળક અથવા વિદ્યાર્થી ભણવા માંગે છે તે તેને જ નક્કી કરવા દેવું જોઈએ. ભારતના વર્તમાન સમયમાં મોટા ભાગના માતા-પિતા અને બાળકો અંગ્રેજી ભણવા ઈચ્છે છે. માતૃભાષા તો બાળક આપમેળે શીખી જ જાય છે, એટલે તેનું શિક્ષણ લેવામાં પણ તેને વાંધો નથી.

તેથી દરેક રાજ્યમાં, જે રાજ્ય પોતાની ભાષાના આધારે રચાયું છે, ત્યાં પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં શરૂ થવું જોઈએ અને ધીમે-ધીમે વિશ્વભાષા તરીકે અંગ્રેજી ભણાવવામાં આવે તે સૌને સ્વીકાર્ય છે. વ્યક્તિને વધુ ભાષાઓ આવડતી હોય તે સારી વાત છે અને ત્રણ-ચાર ભાષા જાણનાર વ્યક્તિને અનેક ક્ષેત્રોમાં લાભ પણ થઈ શકે, પરંતુ પ્રશ્ન એ છે કે સરકારે ફરજિયાતપણે કેટલી ભાષા શીખવાડવી જોઈએ? તેનો જવાબ છે - બે.

શિક્ષણમાં ત્રણ કે ચાર ભાષા ફરજિયાત ભણાવવાથી બાળકનું મગજ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ જેવા વિષયો પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરી શકશે નહીં. પરિણામે ગણિત અને વિજ્ઞાનમાં ધ્યાન આપનારા વિદ્યાર્થીઓ ભાષાને માત્ર પાસ થવા પૂરતી જરૂરિયાત માની લે છે. તેથી શિક્ષણમાં ભાષાનો મુદ્દો અત્યંત સંવેદનશીલતાથી ઉકેલવો જોઈએ.

જો માત્ર હિન્દીની વાત હોય તો ગુજરાત સહિતના બિન-હિન્દી રાજ્યો, જે હિન્દી ભાષી રાજ્યોની નજીક આવેલા છે, ત્યાં લોકો પ્રેમપૂર્વક હિન્દી સાંભળે છે, બોલે છે અને બોલવા પણ દે છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગ હિન્દીના પ્રચાર-પ્રસારનું કામ ખૂબ પ્રેમપૂર્વક કરી રહ્યો છે. તેથી આવા રાજ્યોમાં હિન્દી પ્રત્યે કોઈને નફરત નથી. અહીં મુદ્દો માત્ર એટલો જ છે કે હિન્દી ફરજિયાત ન હોવી જોઈએ. મુંબઈમાં હાલમાં જે વિવાદ થયો છે ત્યાં તો હિન્દી ફિલ્મ ઉદ્યોગ જ વિકસ્યો છે, એટલે હિન્દી સામે કોઈ વાંધો નથી; વાંધો માત્ર તેને ફરજિયાત બનાવવાનો છે.

હવે બીજી વાત. વેપારીએ જે રાજ્યમાં ધંધો કરતો હોય, ત્યાંની ભાષા શીખવી જોઈએ કે નહીં? તો સ્પષ્ટ જવાબ છે - હા. અંગ્રેજો ભારત આવ્યા ત્યારે વેપાર કરવા માટે તેમણે અહીંની ભાષાઓ શીખી. આગળ જતાં ભલે તેમણે આપણને અંગ્રેજીના ગુલામ બનાવ્યા હોય, પરંતુ વેપારી તરીકે તેઓએ આપણી ભાષા જ શીખી હતી. ખાનગી ચેનલો શરૂ થઈ ત્યારે સ્ટાર ટીવી માત્ર અંગ્રેજી ચેનલ હતી. પરંતુ ધંધાનો વ્યાપ વધારવા માટે તેણે સ્ટાર પ્લસ જેવી હિન્દી ચેનલો શરૂ કરી અને આજે જે સિરિયલો લોકપ્રિય છે તે મૂળ અંગ્રેજી માલિકોની હિન્દીમાં કરેલી વ્યાપારી રજૂઆત છે.

યુરોપના લગભગ દરેક દેશમાં પ્રજા સાથે સીધો સંવાદ કરવો પડે તેવા વ્યવસાયોમાં સ્થાનિક ભાષાનું જ્ઞાન ફરજિયાત છે. જે વેપારી મહારાષ્ટ્રમાં દુકાન ખોલીને કહે કે 'હું મરાઠી નહીં બોલું', તે અમેરિકા જઈ અંગ્રેજી વગર, ફ્રાન્સમાં ફ્રેન્ચ વગર કે નેધરલેન્ડ્સમાં ડચ ભાષા વગર ધંધો કરીને બતાવે. વાત સ્પષ્ટ છે - જે પ્રજા પાસેથી તમારે કમાણી કરવી હોય, તે પ્રજાની ભાષા તમારે શીખવી જ જોઈએ. બેંકમાં, શાળામાં, મોલમાં અથવા જ્યાં સામાન્ય પ્રજા સાથે વ્યવહાર કરવાનો હોય ત્યાં રાજ્યભાષા બોલતા આવડવું જોઈએ. ગુજરાતની કમનસીબી અને નેતૃત્વની ઉણપ એ છે કે ગુજરાતના ગામડાઓમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખાઓમાં ઓછું ભણેલા ગરીબ મજૂરોને હિન્દી ભાષી કર્મચારીઓ ઘણી વાર હિન્દીમાં જ જવાબ આપે છે અથવા ઠપકો આપે છે, છતાં કોઈ અવાજ ઉઠાવતું નથી.

આપણે હિંસાની તરફદારી કરી શકીએ નહીં. આ મુદ્દો સત્તાધીશોએ ઉકેલવાનો હોય, પ્રજાએ પરસ્પર ઝઘડવાનો નહીં. તેથી મૂળ પ્રશ્ન માત્ર બે જ છે - શું શિક્ષણમાં ત્રણ ભાષા ફરજિયાત હોવી જોઈએ? અને બીજો, જે રાજ્યમાં વેપાર કરો છો ત્યાંના ગ્રાહકોને સમજાય તેવી ભાષા વેપારીએ બોલવી જોઈએ કે નહીં?

વાતને આડાપાટે ચઢાવવી નહીં. ભાષાવાદ, રાષ્ટ્રીય એકતા અને આવા મુદ્દાઓની ખોખલી ચર્ચાઓ વચ્ચે અંગ્રેજીનું પ્રભુત્વ સતત વધતું જાય છે, તે હકીકત ભૂલવી નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કર્મને જ આપણો સિદ્ધાંત' બનાવીએ

ઈશ્વરે સર્જેલી આ સૃષ્ટિમાં જિંદગી અમૂલ્ય છે. તેણે આ વિશ્વમાં સુંદર પ્રકૃતિની રચના કરી છે; જેમાં પર્વતો, ઝરણાં, વૃક્ષો, વનસ્પતિઓ, ફૂલો અને ફળો આપણને ભેટ તરીકે આપ્યાં છે. જીવનનું બીજું એક મોટું સત્ય એ છે કે આપણને જન્મ અને મૃત્યુ એક જ વાર મળે છે અને ઘણાં લોકો માને છે કે મૃત્યુ એ જ મોક્ષ છે. વાસ્તવમાં, ઈશ્વરે તેને અહીં માત્ર 'કર્મ' કરવા માટે મોકલ્યો છે, છતાં તે મોક્ષ પાછળ પાગલ થઈ રહ્યો છે. અહીં સવાલ એ થાય છે કે શું સાંસારિક સુખો અને ફરજોનો ત્યાગ કરવાથી જ ઈશ્વર પ્રાપ્ત થાય ખરો? બિલકુલ નહીં. ઈશ્વરે આપણને આ દુનિયામાં કર્મ કરવા જ મોકલ્યા છે, જેને આપણે 'વિશ્વકલ્યાણ'ની ભાવના કહીએ છીએ. જરા વિચારો, જો મહાત્મા ગાંધી કે સરદાર વલ્લભભાઈ પટેલ જેવા નેતાઓએ સંસાર ત્યાગી દીધો હોત, તો આજે પણ આપણે ગુલામીની જંજીરોમાં સડતા હોત! જ્યારે તેમણે દેશ સેવાનું પરમ કર્તવ્ય સ્વીકાર્યું અને અંગ્રેજોને ભારતમાંથી ભગાડવાનું નક્કી કર્યું, ત્યારે જ ઈશ્વરે પણ તેમની મદદ કરી. મૂળ વાત એ છે કે આપણને જે જિંદગી મળી છે, તેને પૂરી જિંદાદિલીથી જીવવાની છે; નહીં કે પરિવારને રઝળતો મૂકીને મોક્ષની પાછળ દોડવામાં. જો આપણે 'કર્મને જ આપણો સિદ્ધાંત' બનાવીને જીવીશું, તો આવનારી નવી પેઢી પણ આપણને સદાય યાદ રાખશે.

**પંચમહાલ -વિજયસિંહ સોલંકી**

## પ્રકૃતિનું સન્માન કરો

આપ સૌ શહેરીજનોને વિદિત છે કે ગત તા. 6 અને 7 જુલાઈએ ધોધમાર-ગાજવીજ સહિત મેઘરાજાની સવારીથી સમગ્ર શહેર પૂર જેવી પરિસ્થિતિમાં ફેરવાઈ ગયું. અનેક વૃક્ષો ધરાશયી થયાં. પારાવાર માલ-મિલકતને નુકસાન પહોંચ્યું. પ્રજાજનો માનસિક રીતે ભયગ્રસ્ત રહ્યાં, આરેમાની ગંદકી-પ્લાસ્ટીકના ઢગલા તથા રેલમાં નુકસાન થયેલી વસ્તુમાં તદ્દન નકામી થઈ ગઈ એ દુ:ખદ ઘટના છે.પરંતુ આ જ પ્રકૃતિ એ આપણી માતા સમાન છે. પ્રકૃતિ/કુદરતી અસંખ્ય સંપત્તિ આપણને બક્ષી છે તો ચાલો તેનું ઋણ અદા કરવા શહેરની પ્રકૃતિ વાતાવરણને સ્વચ્છ સુઘડ અને રહેવાલાયક બનાવી પ્રજાજનોની સુખાકારી પાછી લાવીએ.સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ સતત પ્રવૃત્તિશીલ છે, પરંતુ એક શહેરીજન તરીકે બને તેટલું યોગદાન- સેવા આપી, પ્રકૃતિમાં ફરી પ્રાણ પૂરીએ અને સુરત શહેરની શાનને ઉજાગર રાખીએ. તમારા કોમ્પલેક્ષમાં કચરો-હાઈ વે-ખીસડ, નકામી વસ્તુઓ તાત્કાલિક દૂર કરવા અભિયાન શરૂ કરી દો.સૌનો સાથ, સૌની સુખાકારી.

**સુરત -દીપક દલાલ**

## સમયનું મૂલ્ય સદુપયોગ

જીવનમાં ગુમાવેલી સંપત્તિ કે ખરાબ સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરી શકાય છે પરંતુ વીતી ગયેલો સમય અને જીવનની અવસ્થા ક્યારેય પાછી આવતી નથી. પ્રકૃતિ દ્વારા વ્યક્તિને સમાન સમય મળે છે પરંતુ જે વ્યક્તિ સમયનો કાર્ય કરવામાં આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરનાર જ સફળતાનાં શિખરો સર કરે છે. આળસ અને કાલે કરીશું આ આદત માનવીના સૌથી મોટા શત્રુ છે. વિદ્યાર્થી જીવનથી અંત સમય સુધી સમયપાલન અનિવાર્ય છે. છેલ્લી ઘડીએ જાગીને મહેનત કરનારને ઈચ્છિત પરિણામ પ્રાપ્ત થતું નથી. ઈતિહાસ સાક્ષી છે કે વિવિધ મહાન સફળ વ્યક્તિની પાછળ એમણે કરેલો સમયનો સદુપયોગ જ છે. આજના ડિજિટલ યુગમાં સોશ્યલ મીડિયા કે અન્ય કારણોસર સમય બગાડવાને બદલે યુવાપેઢીએ સમયનું સાચું મૂલ્ય સમજવું જોઈએ કારણ કે જે સમયને માન આપે છે. સમય તેને દુનિયામાં સન્માન અપાવે છે એટલે જ કહેવામાં આવે છે કે Time is Money.

**નવસારી -વિરલકુમાર ટંડેલ**

## શિક્ષક શું કમાય છે?

સમાજ ઘણી વાર પૂછે છે કે "શિક્ષકનો પગાર કેટલો?" પરંતુ ભાગ્યે જ કોઈ પૂછે છે કે "શિક્ષક શું કમાય છે?" શિક્ષક માત્ર રૂપિયા નથી કમાતો; તે વિદ્યાર્થીઓનો વિશ્વાસ, વાલીઓનો આદર અને રાષ્ટ્રનું ઉજ્જવળ ભવિષ્ય કમાય છે. છતાં પ્રશ્ન એ છે કે શું આ કમાણીથી તેનું જીવન સાચા અર્થમાં સમૃદ્ધ બને છે? એક શિક્ષક પોતાના પરિવાર કરતાં વધુ સમય વિદ્યાર્થીઓ સાથે વિતાવે છે. તે બાળકનાં સ્વપ્નોને પાંખ આપે છે, નિષ્ફળતામાં આશાનો દીવો પ્રગટાવે છે અને સફળતામાં વિનમ્રતા તથા સંસ્કારનું સિંચન કરે છે. પરંતુ બદલામાં તેને શું મળે છે? વધારાના વહીવટી કામનો બોજ, પરિણામની અંધ સ્પર્ધા, સતત વધતી અપેક્ષાઓ અને ઘણી વાર પોતાના કાર્ય માટે પૂરતી કદર પણ નહીં. આજે શિક્ષકની ગુણવત્તા કરતાં ગુણપત્રકને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. શિક્ષકનું સાચું મૂલ્યાંકન પરીક્ષાનાં પરિણામોથી નહીં, પરંતુ તેના વિદ્યાર્થીઓના ચારિત્ય, વિચારશક્તિ અને માનવતાથી થાય છે. જો શિક્ષકને વિશ્વાસ, સન્માન અને સર્જનાત્મક રીતે કાર્ય કરવાની સ્વતંત્રતા મળશે, તો તે માત્ર સફળ વિદ્યાર્થીઓ નહીં, પરંતુ સશક્ત સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરશે. શિક્ષકની સાચી કમાણી બેંકના ખાતામાં જમા થતી નથી; તે તો વર્ષો પછી કોઈ વિદ્યાર્થી ગર્વથી કહે કે "સર, આજે હું જે કંઈ છું, તેમાં તમારો સૌથી મોટો ફાળો છે." તેથી પ્રશ્ન એ નથી કે શિક્ષક કેટલું કમાય છે; સાચો પ્રશ્ન એ છે કે સમાજ શિક્ષકની આ અમૂલ્ય કમાણીને ઓળખવા, તેનું સન્માન કરવા અને તેને સાચવવા માટે કેટલો તૈયાર છે? કારણ કે જ્યાં શિક્ષકનું માન ઘટે છે, ત્યાં રાષ્ટ્રનું ભવિષ્ય પણ ધીમે ધીમે ગરીબ બનવા લાગે છે.

**સુરત -પ્રા. સાગર ગાંધી**

## સુરત- શ્રધ્ધાળુઓનું દાન ક્યાં જાય છે?

12 જુલાઈના ''ગુજરાતમિત્ર'' દૈનિકમાં તંત્રીલેખ દ્વારા ભારતનાં મંદિરોની આવક વાંચી સ્તબ્ધ થઈ જવાયું! લગભગ સર્વે પ્રખ્યાત મંદિરો અબજોપતિ જ છે! ધાર્મિક આસ્થાળુ વ્યક્તિઓ રૂપિયા તથા સોનું-ચાંદી પણ પ્રભુને શ્રધ્ધા સહિત ભેટ ધરે અને એ નાણાંની ઉચાપત પણ થાય! રામમંદિર ભક્તોની આસ્થાનું મહત્ત્વનું મંદિર છે. તાજેતરમાં કરોડો રૂપિયાની ઉચાપત ધ્યાનમાં આવી છે. એમાં એક આરોપીનું નામ તો શ્રીરામ પ્રભુના સંતાનનું છે! શાસ્ત્રોમાં કહ્યું છે કે, દાન પણ સુપાત્રને કરો. અહીં પ્રભુને દાનની રકમ અર્પણ કરનાર શ્રદ્ધાળુઓ સાથે ચંપતરાય એન્ડ કંપનીએ ઠગાઈ કરી છે એમ માનીએ તો ખોટું જરાય નથી! બુધ્ધિજીવી પ્રજા એમ પણ વિચારી શકે, ''આવું તો કેટલાંય મંદિરમાં થતું હશે'' કોણ જોવા ગયું? એક વાર શ્રધ્ધાભક્તિથી જે નાણાં અર્પણ કરીએ એનું શું થાય છે એ તો ભક્તોને ખબર જ ન હોય ને? તો હવે ભક્તો દાન કરતાં પહેલાં વિચાર તો અવશ્ય કરશે જ. એના કરતાં એવી વ્યક્તિને (જરૂરિયાતમંદ) દાન કરીએ કે એને મદદરૂપ નિવડી શકાય. માનવ સેવા એ જ પ્રભુસેવા. ઘણાં મંદિરો દ્વારા સેવાકાર્યો પણ થાય છે. હોસ્પિટલ નિઃશુલ્ક ભંડારા, વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ કરવામાં આવે છે. પ્રજાની ધાર્મિક શ્રધ્ધા સાથે નાણાંની ઉચાપતની ક્રૂર રમત ન રમાવી જોઈએ. ટ્રસ્ટીઓ ટ્રસ્ટ મૂકવા માટે હોય છે નહીં કે સ્વયંની તિજોરી શ્રધ્ધાળુઓના નાણાંથી તરબતર રાખવા માટે! પ્રભુ જ સૌને સન્મતિ આપી શકે.

**સુરત -નેહા શાહ**